ગાંધીનગર સમાચાર

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડતી
એસ.ટી. બસોમાં કેમેરા લગાવાશે

# વાયબ્રન્ટ ગાંધીનગર - શહેરમાં ઝળહળાટ





# મતદારયાદી સુધારણામાં મહિલાઓએ જાગૃતિ દાખવી

**જિલ્લામાં મતદારયાદી સુધારણાને અંતે ૨.૨૨ ટકા નવા મતદારો નોંધાયા : પુરૂષ મતદારો કરતાં ૦.૨૬ ટકા મહિલા મતદારો વધુ નોંધાયા : જિલ્લામાં માણસાને બાદ કરતાં અન્ય ચાર વિધાનસભા બેઠકો પર મહિલા મતદારો વધ્યા**

ગાંધીનગર, તા. ૪

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલ સંક્ષિપ્ત સુધારણા દરમ્યાન મહિલા મતદારોએ પુરૂષ મતદારો કરતાં વધુ જાગૃતિ દાખવી અને નામ નોંધણી કરાવી છે.

આજે ૨૦૧૭ની ૧લી જાન્યુઆરીની સ્થિતિએ નવી મતદારયાદી જાહેર થશે. પંચ દ્વારા ૧૫ સપ્ટેમ્બરના રોજ મતદારયાદીનો પ્રાથમિક મુસદો પ્રસિદ્ધ કરાયા બાદ સંક્ષિપ્ત મતદારયાદી સુધારણાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં હાથ ધરાયેલ આ ઝુંબેશ પછી આજે જે યાદી પ્રસિદ્ધ થવાનીછે તેમાં ૨.૨૨ ટકા જેટલા નવા મતદારો નોંધાયા છે જે વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમવાર મતદાન કરશે.

મળતી વિગતો પ્રમાણે ૧૫.૯ના પ્રાથમિક મુસદા બાદ જિલ્લામાં ૨૪,૯૨૩ નવા મતદારો નોંધાયા છે. જેમાં ૧૨,૧૭૯ પુરૂષ મતદારો અને ૧૨,૭૪૦ મહિલા મતદારોનો સમાવેશ થાય છે.

ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો પુરૂષ મતદારોમાં ૨.૧૦ ટકાનો વધારો અને મહિલા મતદારોમાં ૨.૩૬ ટકાનો વધારો નોંધાયો છે.

વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં આવતી પાંચ વિધાનસભા બેઠકો પૈકી માણસાને બાદ કરતાં ચારેય વિધાનસભા બેઠકોમાં મહિલા મતદારોએ મતદાર નોંધણીમાં વધારે રસ દાખવ્યો છે.

રાજકીય વિશ્લેષકોના મતે ૨૦૧૨ની તુલનામાં ૧ લાખ ૪૦ હજારથી વધુ મતદારો છેલ્લા પાંચ વર્ષમાં નોંધાયા છે. આ વખતની ચૂંટણી રસપ્રદ બનશે તેવો મત પણ આ વિશ્લેષકો કહી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સ્ટ્રીટ લાઈટની જાળવણી હવે કેન્દ્ર સરકારની એજન્સીના શીરે



**શહેરમાં અત્યારસુધી ૪ હજાર એલ ઈ ડી લાઈટો ફીટ કરાઈ : સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ કામ શરૂ : દોઢ મહીનામાં કામ પુર્ણ કરી દેવાશે : ૧૮ હજાર પોલ્સને આવરી લેવાશે : ટોરેન્ટ માત્ર પાવર સપ્લાય કરશે : વીજ બીલમાં ૪૦ ટકા બચત થશે**

ગાંધીનગર તા ૪

શહેરના સેકટરોના આંતરિક વિસ્તારમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પાથરવા માટે મુખ્ય માર્ગો પર એલ ઈ ડી લાઈટ ફીટ કરી દેવાઈ છે. જયારે હાલ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાય તે માટનુ કામ શરૂ કરી દેવાયુ છે. અત્યાર સુધીમાં ૪ હજાર જેટલા પોલ્સમાં એલ ઈ ડી લાઈટનુ ફીટીંગ કરી દેવાયુ છે. જયારે આગામી દોઢ મહીનામાં તમામ પોલ્સ પર એલ ઈ ડી લાઈટ ઝગમગતી જોવા મળશે. છેલ્લા ચાર દાયકાથી શહેરમાં સ્ટ્રીટ લાઈટના પોલ્સની જાળવણીનુ કામ સંભાળતા ટોરેન્ટ પાવર લી ને હવે જવાબદારીમાંથી મક્ત કરવામાં આવી છે. જયારે એલ ઈ ડી લાઈટના ફિટીંગ અને જાળવણીની જવાબદારી કેન્દ્ર સરકારની એજન્સીને સોંપવામાં આવ્યુ છે. જો કે સ્ટ્રીટ લાઈટનુ અજવાળુ પાથરવા માટે પાવર સપ્લાય ટોરેન્ટ દ્વારા જ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## બર્ડફ્લુ માટે સતર્ક રહેવા તંત્રને તાકીદ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં બર્ડફ્લુને લઈ તંત્રને આજે એક બેઠકમાં સતર્ક રહેવા માટે જણાવી દેવામાં આવ્યુ છે.

જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. એસ.બી. પટેલના જણાવ્યાનુસાર બર્ડફ્લુ માટે આજે જિલ્લાના તમામ પશુ ચિકિત્સા અધિકારીઓને સતર્ક રહેવા માટે સૂચના આપવામાં આવી છે. તેમણે જણાવ્યુ હતુ કે આ માટે જિલ્લામાં ઈમરજન્સી ચિકિત્સા ટીમની પણ રચના કરવામાં આવી છે. તેમણે જણાવ્યુ હતુ કે દહેગામમાં સૌથી વધુ પોલ્ટ્રી ફાર્મ આવેલા છે. આજે ૨૦ થી વધુ પોલ્ટ્રી ફાર્મની ચકાસણી કરવામાં આવી છે. કોઈ પણ શંકાસ્પદ કેસ આ ચકાસણી દરમ્યાન મળી આવેલ નથી. જિલ્લામાં બર્ડફ્લુ માટે પશુ ચિકિત્સા અધિકારીઓને તાકીદ કરી એક પણ શંકાસ્પદ કેસ મળે તો તાત્કાલિક જિલ્લાની ઈમરજન્સી ટીમનો સંપર્ક કરવા જણાવાયુ છે. અર્ધા કલાકમાં જ ટીમ તે સ્થળે પહોંચી જશે.

# આવતીકાલે ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં રૂપાણી હાજરી આપશે

અમદાવાદ, તા.૪

ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, ૬ઠ્ઠી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહના અધ્યક્ષ સ્થાને ભાજપની રાષ્ટ્રીય કારોબારી દિલ્હી ખાતે મળી રહી છે. તેમાં પ્રધાનમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, પરષોત્તમભાઈ રૂપાલા, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા, કિરીટભાઈ સોલંકી આ રાષ્ટ્રીયકારોબારીમાં ભાગ લેશે. આ રાષ્ટ્રીય કારોબારીમાં ભાજપ ગુજરાતની સંગઠનની ગતિવિધી થયેલ કાર્યક્રમો અને રાજય સરકારની વિશેષ કામગીરી અંગેની માહિતી આપવામાં આવશે.

# ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડતી એસ.ટી. બસોમાં કેમેરા લગાવાશે

**પ્રાયોગિક ધોરણે બે એસ ટી બસોમાં કેમેરા લગાવાશે ત્યારબાદ રૂટની અન્ય ૧૦૪ બસોને પણ કેમેરાની નજર હેઠળ આવરી લેવાશે : મુસાફરોની સલામતીનો ધ્યાનો લઇ કેમેરા લગાવાનો નિર્ણય લેવાયો**

ગાંધીનગર તા ૪

શહેરના એસ ટી ડેપામાં સલામતીના મામલે અનેકવાર પ્રશ્નો ઉઠવા પામે છે. ડેપો સંકુલમાં અવારનવાર ચેઈન સ્નેચીંગ , પીક પોકેટીંગ તેમજ ચોરીના બનાવો બનતા રહે છે. એસ ટીમાં પણ ચઢઉતર કરતા મુસાફરો ખિસ્સા કાતરુઓના ભોગ બને છે. એસ ટી ના મુસાફરોની સલામતીને ધ્યાને લઈ ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી એસ ટી બસોમાં હવે કેમેરા લગાવાશે. પ્રાયોગિક ધોરણે બે બસોમાં કેમેરા લગાવાશે. જી પી એસ સિસ્ટમ સાથે જોડાયેલા કેમેરાનુ ડેપો કક્ષાએથી નિરિક્ષણ કરાશે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ સાકાર થઈ નથી. જયારે ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. છેલ્લા ઘણાં સમયથી એસ ટી ડેપો સંકુલમાં પીક પોકેટીંગ તેમજ અન્ય નાના મોટા ચોરીના બનાવો વધતા મુસાફરોની સલામતીનો મુદ્દો રામભરોસે હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. એસ ટી ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત થાય તે માટે પ્રબળ માંગણીના અંતે ડેપો તંત્ર હરકતમાં આવ્યુ છે. ત્યારે એસ ટી ની બસોમાં ચઢઉતર કરતા મુસાફરો જાણભેદુ ગઠીયાઓનો ભોગ બનતા અપડાઉન કર્તાઓના ખિસ્સા કપાતા હોવાની ઘટના છાશવારે પ્રકાશમાં આવે છે. ત્યારે એસ ટી ડેપોમાં મુસાફરોને પડતી હાલાકી નિવારવા માટે બસોમાં કેમેરા લગાવાનો નિર્ણય લેવાયો છે. સુત્રોના જણાંવ્યા મુજબ એસ ટી બસોમાં કેમેરા લગાવાની યોજના હાથ ધરાશે. જયારે પ્રાયોગિક ધોરણે બે એસ ટી બસમાં કેમેરા લાગશે. ત્યારબાદ ગાંધીનગર અમદાવાદ રૂટમાં દોડતી અન્ય ૧૦૪ બસોમાં પણ કેમેરા લગાવી દેવાશે. એસ ટી બસોમાં મુકવામાં આવતા કેમેરાને જી પી એ સિસ્ટમ સાથે જોડાયેલા રહેશે જેના આધારે ડેપો કક્ષાએથી નિરિક્ષણ કરવામાં આવશે.

# માણસાનું ઈશ્વરપુરા ગામ ડિઝીટલ વિલેજ બન્યુ




ગાંધીનગર, તા. ૪

માણસા તાલુકાનું ઈશ્વરપુરા ગામ આજે ડીજીટલ વિલેજ તરીકેની ઓળખ પામેલ છે. જે જિલ્લાનું ત્રીજુ ગામ છે. આ ગામમાં ડીજીટલ પેમેન્ટથી જ હવે તમામ વ્યવહારો થશે.

આઈ.એ.એસ. ઓફિસર્સની વાઈફ એસો.ના પ્રતિનિધિ મંડળની હાજરીમાં આજે આ ગામને ઓળખ મળી છે.

૧૨૦૦ની વસતી ધરાવતા આ ગામના દરેક લોકો પાસે રૂપે કાર્ડ અને એટીએમ કાર્ડ ઉપલબ્ધ છે. આ ઉપરાંત દરેક કાર્ડ મોબાઈલ સિડેડ પણ છે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ તેમજ પંચાયતના અધિકારીઓ અજય પટેલ, ડી.એ. ચૌહાણ સહિતના સૌ હાજર રહ્યા હતા.

આઈએએસ વાઈફ એસો.ના પ્રમુખસુશ્રી મીના સિંગે ગામના સરપંચને આ અંગે પ્રમાણપત્ર આપી ડીજીટલ વિલેજની ઘોષણા કરી હતી જેને સૌ ગ્રામજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

ગામમાં ઈ.ગ્રામ કેન્દ્ર પર લાઈટ બિલ પણ મોબાઈલથી ભરવામાં આવતા હતા.

● અનુસંધાન પાન-૭ પર


## જાહેર આભાર



**કોકિલાબેન મહોતજી ઠાકોર**
(સભ્ય) - વોર્ડ નં. ૫
મુ. વડોદરા, તા.જી. ગાંધીનગર

વડોદરા ગ્રામ પંચાયતની વોર્ડ નં.૫ની બેઠક પર બિનહરિફ વિજેતા બનવા માટે અને બનાવનાર સૌ મતદારોને અભિનંદન એવમ્ આભાર.

લિ.
મહોતજી શનાજી ઠાકોર
મુકેશજી બુધાજી ઠાકોર
મહોતજી ડાહ્યાજી ઠાકોર
નાગજી બુધાજી ઠાકોર

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com